# આજે ગુજરાતમાં પેટા ચૂંટણી

## આજે સઘન સલામતી વ્યવસ્થા વચ્ચે મતદાન : ૩૦ પુરુષો, ત્રણ મહિલા સહિત ૩૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો

ગાંધીનગર,તા. ૧

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણી માટે આવતીકાલે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજાનાર છે. ચૂંટણીમાં મતદાનના સમયમાં એક કલાકનો વધારો કરવામાં આવ્યો છે જેથી સવારે સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મતદાન થશે. ચૂંટણી પંચના આંકડા મુજબ સમગ્ર રાજ્યની કુલ છ બેઠકો માટે ૩૮૮૬ મતદાન મથકો રહેશે. ચૂંટણીમાં ૩૩૬૪૮૧૧ મતદારો નોંધાયા છે.

આની તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે મતદાનની પ્રક્રિયા શરૂ થશે. મતદાન યોજાયા બાદ ૫મી જૂનના દિવસે મતગણતરી યોજાશે અને એ દિવસે જ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બનાસકાંઠા લોકસભાની બેઠક

### ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા : પ્રચાર દરમિયાન પોતાની તરફેણમાં જુવાળ ઊભો કરવા માટેના પ્રયાસો થયા : મતદાન બાદ પાંચમીએ મતગણતરી

કોંગ્રેસના સાંસદ મુકેશ ગઢવીના અવસાન બાદ ખાલી થઈ હતી. ૧લી માર્ચના દિવસે તેમનું અવસાન થયું હતું જ્યારે ડિસેમ્બરમાં ધોરાજી વિધાનસભાની બેઠક પરથી જીત મેળવ્યા બાદ પોરબંદરમાંથી વિઠ્ઠલ રાદડિયાએ રાજીનામું આપ્યું હતું. રાદડિયા અને તેમના પુત્ર જયેશ મોડેથી કોંગ્રેસના ધારાસભ્ય તરીકે રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. આ પેટા ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે અગ્નિ કસોટી સમાન રહેશે. કારણ કે ત્યારબાદ લોકસભાની ચૂંટણી યોજાનાર છે. રાજ્ય વિધાનસભામાં ભાજપ પાસે હાલ ૧૧૫ બેઠકો છે જ્યારે કોંગ્રેસ ૫૭ બેઠકો ધરાવે છે. ગુજરાત પરિવર્તન પાર્ટી અને એનસીપી બે-બે બેઠક ધરાવે છે જ્યારે જેડીયુ અને અપક્ષો પાસે એક-એક બેઠક છે. ગુજરાત વિધાનસભાની ચાર બેઠકોની અને લોકસભાની બે બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ સીધી સ્પર્ધા થઈ રહી છે. તમામ જગ્યાઓએ અનેક એવા મુદ્દા છે જેને લઈને મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. લોકસભાની પોરબંદર અને બનાસકાંઠા તથા વિધાનસભાની મોરવા હડફ, લીંબડી, જેતપુર અને ધોરાજીની બેઠક ઉપર ચૂંટણી યોજાનાર છે. ગઈકાલે જ ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અસામાજિક તત્ત્વો ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. કોંગ્રેસ માટે વધારે પડકારજનક બાબત છે. કારણ કે આ તમામ બેઠકો હાલ કોંગ્રેસ પાસે છે. ભાજપ આ બેઠકો પૈકી કેટલીક બેઠકો આંચકી લેવાના મૂડમાં છે. બીજી બાજુ કોંગ્રેસ તમામ બેઠકોને જાળવી રાખવાના ઈરાદાથી જોરદાર પ્રચાર કરવામાં કોઈ પીછેહટ કરી નથી. ગુજરાતમાં ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને મોટાભાગની બેઠકો જીતી લીધી હતી અને સતત ત્રીજી વખત હેટ્રીક નોંધાવી હતી. મોદીના નેતૃત્વમાં ભાજપે ૧૧૫ બેઠકો જીતી હતી. હવે પોતાની સંખ્યા વધારવાના ઈરાદાથી ભાજપ મેદાનમાં ઉતરશે. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિ, પાણીનો મુદ્દો કોંગ્રેસે ઉઠાવ્યો હતો. જ્યારે ભાજપે કેન્દ્ર સરકારની ફ્લોપ રણનીતિ, ભ્રષ્ટાચાર અને મોંઘવારી જેવા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. ભાજપ અને કોંગ્રેસના ટોચના નેતાઓ પ્રચારમાં જોડાયા હતા. ગઈકાલે જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયા અને શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ તરફી મતદાન કરવા લોકોને અપીલ કરી હતી. કોંગ્રેસનો આક્ષેપ છે કે મતદારોને લાલચ આપવાના પ્રયાસો ભાજપ તરફથી કરવામાં આવ્યા છે. તમામ જગ્યાઓએ ઈવીએમ મારફતે મતદાન યોજાનાર છે જેના કારણે ઝડપથી પરિણામ પણ મેળવી શકાશે. મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

# સૌરાષ્ટ્રમાં હવામાનમાં પલ્ટો

## વાવાઝોડા સાથે અનેક સ્થળે વરસાદ : અમરેલી, ગોંડલ, શિહોર અને બાબરામાં અડધાથી બે ઈંચ વરસાદ : રાજ્યના બાકીના વિસ્તારોમાં ગરમી સાથે ઉકળાટ અનુભવાયો : ઈડરમાં ૪૨ ડિગ્રી

અમદાવાદ, તા.૧

સૌરાષ્ટ્રમાં આજે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા અમરેલી, ગોંડલ, શિહોર, બાબરા સહિત અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડતા લોકોએ રાહત અનુભવી હતી. કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં હળવાથી



લઈને બે ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં ગરમીની સાથે ભારે ઉકળાટ હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. સૌરાષ્ટ્રમાં આજે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને પાણીની કારમી અછતવાળા સંખ્યાબંધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. અમરેલીમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. ગોંડલમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ભાવનગરમાં શિહોરના ટાણામાં એક ઈંચ, ગઢડામાં દોઢ ઈંચ અને બાબરામં બે ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે અમદાવાદ સહિત રાજ્યના બાકીના વિસ્તારોમાં આજે ગરમીનું મોજુ યથાવત રહ્યુ હતુ અને હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ઈડરમાં ૪૨.૦ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેશે અને રાજ્યમાં તમામ જિલ્લા, દિવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ગરમીનું મોજુ ચાલુ રહેવાની શક્યતા છે. રાજ્યના ૮ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯.૪ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૬ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૦ ટકા નોધાયું હતુ. ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ૪૧.૨, ભુજ ૩૯.૦, સુરેન્દ્રનગર ૪૧.૩, વડોદરા ૩૯.૯, ગાંધીનગર ૪૧.૫, ડિસા ૪૦.૪, ભાવનગર ૩૭.૮, મહુવા ૩૫.૬, નલીયા ૩૫.૬, વલસાડ ૩૫.૪ ડિગ્રી અમરેલી ૪૧.૦ સેલ્સિયસ નોંધાયું હતું.

### મહત્તમ તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન(ડિગ્રી) |
|---|---|
| અમદાવાદ | ૪૦.૮ |
| ડિસા | ૪૦.૪ |
| ગાંધીનગર | ૪૧.૫ |
| વડોદરા | ૩૯.૯ |
| સૂરત | ૩૪.૮ |
| ભુજ | ૩૯.૦ |
| સુરેન્દ્રનગર | ૪૧.૩ |
| કંડલા એરપોર્ટ | ૪૧.૨ |
| ભાવનગર | ૩૭.૮ |
| મહુવા | ૩૫.૬ |
| વ.વિદ્યાનગર | ૪૧.૪ |
| અમરેલી | ૪૧.૦ |
| ઈડર | ૪૨.૦ |

# ભાજપ-કોંગ્રેસી ઉમેદવારોની પ્રતિષ્ઠા પેટાચૂંટણીમાં દાવ પર

## લોકસભા બેઠક પર ભાજપની બાજ નજર

ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. લોકસભાની બનાસકાંઠા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરી અને કોંગ્રેસના ઉમેદવાર ક્રિષ્ણાબેન ગઢવી વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળશે. જ્યારે પોરબંદર બેઠક ઉપર વિઠ્ઠલ રાદડિયા અને કોંગ્રેસના વિનુભાઈ અમીપાર વચ્ચે સીધી સ્પર્ધા રહેશે. લોકસભાની બંને બેઠકો જીતવાની કોંગ્રેસે યોજના ઘડી કાઢી છે. બીજી બાજુ આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ભાજપ-કોંગ્રેસની આ છ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો જીતવાના પ્રયાસમાં છે.

નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાના આધાર ઉપર ભાજપ શાનદાર દેખાવ કરવાના મૂડમાં છે. કોંગ્રેસ તરફી મતદાનની અપીલ કરાઈ હોવા છતાં ભાજપ તરફી માહોલ હોવાનો દાવો પક્ષના સભ્યો કરી રહ્યા છે. ભ્રષ્ટાચાર, મોંઘવારી, પીવાના પાણી, ખેડૂતોની સમસ્યા મુખ્ય મુદ્દાઓ રહ્યા હતા. વિધાનસભાની બેઠકની વાત કરવામાં આવે તો લીંબડીમાં કિરીટસિંહ રાણા અને સતીષ પટેલ વચ્ચે સીધી સ્પર્ધા છે જ્યારે જેતપુરમાં રાદડિયા અને જગદીશભાઈ વચ્ચે સીધી સ્પર્ધા રહેશે. ભાજપે કોંગ્રેસ સાથે છેડો ફાડનાર રાદડિયાને હાલમાં ટિકિટ આપી છે. બીજી બાજુ જયેશ રાદડિયા જેતપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં મેદાનમાં છે.

# હવેથી પેટ્રોલ પંપ ઉપર હવા ભરાવવાનો પણ ચાર્જ રહેશે

## પંપ પર કર્મી પાસેથી હવા ભરાવવા માટે કાર ચાલકોને પાંચ આપવા પડશે : જાતે હવા ભરવાના કોઈ ચાર્જ નહી

અમદાવાદ, તા.૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ગઈકાલે કરવામાં આવેલા ભાવ વધારાની સાથે સાથે અન્ય એક મોટો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. આ નિર્ણય મુજબ વાહનમાં હવા ભરાવવા પર પણ નાણાં વસુલવાનો નિર્ણય પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. જેથી સામાન્ય લોકો પર વધારે બોજ રહેશે. અત્યાર સુધી પેટ્રોલ પંપો ઉપર હવા ભરાવવા પર કોઈ ચાર્જ લેવાતો નહોતા.પરંતુ હવે જુદા જુદા પ્રકારના વાહનો પર જુદા જુદા ચાર્જ લાગુ થશે. આના મુજબ સ્કુટર અને રીક્ષા માટે બે રૂપિયા, કાર માટે પાંચ રૂપિયા અને ટ્રક અને બસમાં હવા ભરવા માટે ૨૦ રૂપિયા ચુકવવા પડશે. મળેલી માહિતી અનુસાર, પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાની સાથે પેટ્રોલ મંત્રાલયે પેટ્રોલ પંપના માલિકોને વાહનોમાં હવા ભરાવવા વસુલાત કરવાની છુટ આપી છે. તેના ભાગરુપે આજે સવારથી જ પેટ્રોલ પંપ પર હોડીંગ જોવા મળ્યું હતું કે જે તે પેટ્રોલ પંપથી પેટ્રોલ-ડીઝલ ખરીદનારા ગ્રાહકને હવા પુરવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે અને ગ્રાહક જાતે કોઈપણ ચાર્જ વગર હવા ભરી શકે છે.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે સામાન્ય લોકો હજુ સુધી પેટ્રોલ પંપ પર મફતમાં હવા ભરાવતા હતા. પરંતુ હવે તેમને ચાર્જ ચૂકવવો પડશે.

### કોના પર કેટલો ચાર્જ

સ્કૂટર, રિક્ષા, કાર, ટ્રક અને બસમાં હવા ભરવા માટે પેટ્રોલ પંપ પર ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે

| વાહન | ચાર્જ |
|---|---|
| સ્કૂટર | ૨ |
| રિક્ષા | ૨ |
| કાર | ૫ |
| ટ્રક | ૨૦ |
| બસ | ૨૦ |

### ગાયના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

બની હતી જે વાત વાયુવેગે પ્રસરી જતાં જિલ્લાના પશુપાલકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો મુજબ કોલવડા ગામ નજીક આવેલ ચામુંડાપુરામાં રહેતા માલજીભાઈ રબારી ગઈકાલે સાંજના સુમારે પોતાની ગાયોના ધણ સાથે ગાયોને ચરાવવા લઈ નીકળ્યા હતા.

એક ખેતરમાં ભૂંડના ભેલાણના ત્રાસથી બચવા માટે લોટમાં ઝેરી જંતુનાશક દવા મિશ્રીત કરી લોટ નાખવામાં આવ્યો હતો તેમજ વાડની આસપાસ તેના લાડુ બનાવી પણ મુકવામાં આવ્યા હતા.

આ ગાયોએ આ લોટ ચાટતાં જ સ્થળ પર જ બે ગાયોના મૃત્યુ નીપજયા હતા. અચાનક ગાયોના મતને જોઈ ગભરાયેલા પશુપાલક તેની અન્ય ગાયોને લઈ તાબડતોબ પોતાના ઘરે પહોંચ્યા હતા અને મધુર ડેરીના ડૉ. વિક્રમ જાનીને તાત્કાલિક સારવાર માટે બોલાવ્યા હતા.

ગણત્રીની મિનિટોમાં જ સ્થળ પર પહોંચેલા શ્રી જાની અને તેમની ટીમના સભ્યોએ ઝેરની અસર પામેલી ગાયોની સારવાર શરુ કરી દીધી હતી. સારવાર દરમિયાન વધુ બે ગાયોના મોત નીપજયા હતા.

જો કે ડૉ. જાની અને તેમની ટીમના સઘન પ્રયાસોથી ઝેરની અસરમાંથી છ જેટલી ગાયોને બચાવી લેવામાં સફળતા મળી હતી અને હાલ આ ગાયો ભયમુકત હોવાનું જાણવા મળેલ છે. ડૉ. જાની અને તેમની ટીમે બે કલાક જેટલા સમય સુધી આ ગાયોની સારવાર ખડે પગે રહી કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં ગાયોના આ મૃત્યુના બનાવની જાણ પશુપાલકોને થતાં પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. મળતી વિગતો મુજબ છેલ્લા બે મહિનામાં ફૂડ પોઈઝનીંગની આ બીજી ઘટના બની છે. અગાઉ માણસા તાલુકામાં આવી ઘટના બનવા પામી હતી.

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનું હજુ ગઈકાલે જ સમાપન થયું છે અને તેમાં પશુપાલન પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

### કંપની સમાચાર

## અગ્રણી ઓનલાઈન ડિસકાઉન્ટ બ્રોકરેજ ઝિરોધાની શોપ હવે અમદાવાદમાં

- ભારતનું પ્રથમ સંપૂર્ણ ઓનલાઈન બ્રોકરેજ
- ઝિરોધા ટ્રેડ સાઈઝને ધ્યાનમાં લીધા વિના ટ્રાન્સઝેક્શન ફી માટે મહત્તમ માત્ર રૂ. ૨૦ લેશે
- બે વર્ષ જેટલા ટૂંકા ગાળામાં ભારતભરમાં તેના ૨૫૦૦૦ કલાયન્ટસ

ઝિરોધા, રિવોલ્યુશનરી ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ ધરાવે છે જેનું હેડક્વાર્ટર બેંગ્લોરમાં છે તેણે આજે તેનું સપોર્ટ સેન્ટર અમદાવાદમાં શરૂ કરવાની જાહેરાત કરી છે. ઝિરોધા તેનું કામ અમદાવાદમાં શરૂ કરી સારો સ્થાનિક સપોર્ટ મેળવવા ઈચ્છે છે અને તેના યુનિક એડવાન્સ્ડ પ્લેટફોર્મ અંગે જાગૃતિ લાવવા ઈચ્છે છે.


ઝિરોધા એક્ટિવ ટ્રેડર્સને ફાઈનાન્શિયલ ઈન્સ્ટ્રુમેન્ટસ જેવા કે સ્ટોક્સ, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ, કરન્સી અને કોમોડિટીઝના ખરીદ-વેચાણ માટે ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે. ઝિરોધા એ ટ્રેડના પ્રમાણને ધ્યાનમાં લીધા વિના દર ટ્રાન્ઝેકશન દીઠ ફ્લેટ ફી રૂ. ૨૦ ચાર્જ કરે છે. આ ભારતની પહેલી બ્રોકિંગ પેઢી છે જે સંપૂર્ણપણે ઓનલાઈન છે અને તેની પાસે બ્રોકરેજ કેલ્ક્યુલેટર જેવા સાધનને કારણે ટ્રેડ કરતાં પહેલા કોઈ વ્યક્તિ દરેક ચાર્જ વિશે જાણી શકે છે. તેની પાસે એવી સવલત પણ છે કે ખાતું ખોલતા પહેલા મોક ટ્રેડ ક્રિએટ કરી દરેક ચાર્જિસ વિશે જાણી શકાય. ઝિરોધા એનએસઈ, બીએસઈ, એમસીએક્સ-એસએક્સ, એમસીએક્સ અને એનસીડીઈએક્સની સભ્ય છે. અમદાવાદ સેન્ટરની જાહેરાત કરતા ઝિરોધાના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર, નીતિન કામથે જણાવ્યું હતું, 'ગુજરાત એ કેપિટલ માર્કેટ માટે દેશમાં સૌથી વધારે વાઈબ્રન્ટ સ્ટેટ છે અને અમારી પાસે હજારો ક્લાયન્ટસ છે જેમણે અમને અહીં સપોર્ટ સેન્ટર શરૂ કરવા વિનંતી કરી છે. હવે અમદાવાદ સપોર્ટ સેન્ટર શરૂ થતાં અમારા અમદાવાદમાં અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા ક્લાયન્ટસ તેમના ટ્રેડિંગને લગતા પ્રશ્નો અને સર્વિસીઝ માટે સપોર્ટ સેન્ટર સાથે સરળતાથી જોડાઈ શકશે.'

## બાવળામાં બનેલા આપઘાતના બનાવમાં મૃત્યુઆંક વધીને ચાર

અમદાવાદ,તા. ૧

મોંઘવારીના કારણે માથા પર દેવાનો આકરો બોઝો વધી જતા કંટાળી જઈને અમદાવાદ નજીકના બાવળાના એક બાંધકામ કોન્ટ્રાક્ટર પરિવારે અનાજમાં નાંખવાની ગોળીઓ ખાઈને સામુહિક આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પતિ-પત્ની અને ત્રણ-ત્રણ સગીર સંતાનોને બળતરા અને જોરદાર ઉલટીઓ થતા લાગતાં દોડી આવેલા પડોશીએ તરત જ વીએસ હોસ્પિટલમાં તેમને ખસેડ્યા હતા. સારવાર દરમિયાન ચાર વ્યક્તિઓના મોત નીપજ્યા છે. જેમાં ૧૩ વર્ષના દિકરા જયનું, તેમજ બે દિકરીઓ ક્રિષ્ણા અને પિંકલ ધોરણ ૧૧ અને ૧૨માં ભણતી હતી. અને તેની માતા અલકા બહેનનું મોત નીપજ્યુ છે. બનાવને વિગતવાર જોતા અમદાવાદના બાવળાની સિદ્ધિવિનાયક સોસાયટીના ચાર નંબરના બંગલામાં રહેતા અને કન્સ્ટ્રકશન સાઈડ ઉપર સેન્ટીંગનું કામ કરતા ધનશ્યામભાઈ નટવારભાઈ મિસ્ત્રીએ પત્ની અને ત્રણ સંતાનોએ શુક્રવારે બપોરે સામુહિક મૃત્યુ વહોરી લેવાનો પ્રયાસ કર્યો હતો.

### વડીલોને વંદન અભિનંદન



નરસિંહભાઈ પી. પ્રજાપતિ (૧૯૫૫)



કાન્તાબેન એન. પ્રજાપતિ (૧૯૫૭)

## ઈજનેરીમાં મેનેજમેન્ટ કોટા માટે પણ રજીસ્ટ્રેશન કરાવવું પડશે

અમદાવાદ, તા. ૧

ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે હાલ પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ ભરવા તથા ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલુ છે. આમાટે ૫ મી જૂન સુધીનો સમય આપવામાં આવ્યો છે. પ્રવેશ સમિતિના જણાવ્યા મુજબ જે વિદ્યાર્થીઓ ડીગ્રી ઈજનેરીમાં મેનેજમેન્ટ કોટામાં પ્રવેશ માંગતા હોય તે વિદ્યાર્થીઓએ પણ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે જો આ વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવશે નહી તો તેમને મેનેજમેન્ટ કોટામાં પણ પ્રવેશ મળી શકશે નહી માટે મેનેજમેન્ટ કોટાના જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય તે વિદ્યાર્થીઓ ૫ મી જૂન સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી નાખે.

## ૬ વર્ષનાં બાળકનું છોટા હાથી ટેમ્પોની ટક્કરે મોત

અમદાવાદ, તા. ૧

શહેરના ઈસનપુર ચાર રસ્તા ખાતે કાકા-કાકી સાથે બાઈક ઉપર જઈ રહેલા છ વર્ષના બાળકનું છોટા હાથીની ટક્કર વાગતા કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ઘટનાના પગલે લોકોના ટોળેટોળા એકત્રિત થઈ ગયા હતા. જ્યારે તકનો લાભ લઈ છોટા હતો. ઈસનપુર પોલીસે આ અંગે ગુનો નોંધી નાસી છુટેલા છોટા હાથી ટેમ્પો ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## મહાત્મા મંદિરમાં ૧૧મી જુને પશુધન અને ડેરી ઉદ્યોગ પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આગામી ૧૧ જુનના રોજ 'પશુધન અને ડેરી વિકાસ' વિષય પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય સેમિનારમાં દેશભરના નામાંકિત વૈજ્ઞાનિકો, ભારત સરકારના અધિકારીઓ તેમજ ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ, પશુપાલન અને ડેરી ઉદ્યોગના માધાતાઓ ભાગ લેનાર છે.

વિવિધ રાજ્યોના અંદાજિત ૬ હજારથી વધુ પશુપાલકો તથા સરકારી અને સહકારી માળખાના દેશભરના વેટરનરીયન, પેરા વેટરનીયન તથા કૃત્રિમ બીજદાન કાર્યકરો આ પરિસંવાદમાં પોતાના રાજ્યનું પ્રતિનિધિત્વ કરનાર છે. આ ઉપરાંત ઈઝરાયેલ, હોલેન્ડ અને કેન્યાના પ્રતિનિધિઓ પણ ભાગ લેનાર છે.


આ પરિસંવાદમાં ૮ જેટલા જુદા જુદા વિષયો પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## રૂપિયામાં ઘટાડો થતાં પેટ્રોલ, ડિઝલ ભાવમાં વધારો કરાયો

ટુમકુર,તા. ૧

કેન્દ્રિય પેટ્રોલિયમ પ્રધાન વીરપ્પા મોઈલીએ આજે કહ્યું હતું કે ભાવ વધારો જરૂરી બની ગયો હતો. કારણ કે ડોલરની સામે રૂપિયો ઘટીને ૧૧ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. તેમણે કહ્યું હતું કે ડોલરની સામે રૂપિયો ઘટી જતા તેલની આયાત વધારે ખર્ચાળ બની હતી.તેમણે કહ્યું હતું કે પેટ્રોલની કિંમત સીધી રીતે રૂપિયા સાથે જોડાયેલી છે. દરેક એક રૂપિયામાં ઘટાડો થવાનો મતલબ એ છે કે ૯૦૦૦ કરોડનુ નુકસાન. આ ૯૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવા ખુબ મુશ્કેલ હોય છે. આવી સ્થિતીમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૦૭૭



### આડી ચાવી

૧. અંદર (૩)
૪. બીજાની બુદ્ધિ પર ચાલવું (૪)
૭. પાણીચું આપવું (૪)
૯. રઝળવું, રઝળપટ્ટી (૫)
૧૧. પરવા (૨)
૧૨. ગરબા, ડાંડીયા... (૨)
૧૪. આયોજન કરીને, વ્યવસ્થિત (૫)
૧૮. પાણી, નીર (૨)
૧૯. ઈન્દ્ર દેવના રથનો સારથિ (૩)
૨૦. વડોદરાના રાજવી પરિવાર સાથે સંબંધિત... ગાયકવાડ (૫)
૨૨. રમતમાં વારો આવવો તે (૨)
૨૪. આવી બનવું, ... થવો (૨)
૨૫. આંગળીથી... વેગળા (૨)

### ઊભી ચાવી

૧. બીકણ (૨)
૨. આરસપહાણ કે બીજા કોઈ પથ્થર પર નામ કોતરાવી મૂકે તે (૩)
૩. પ્રવાહી, ફળોનો ... (૨)
૫. ખુબ રસવાળુ (૩)
૬. પ્રપંચ, કાવતરૂં (૩)
૮. લાગો, કર (૪)
૧૦. જેલવાસ (૪)
૧૩. એકદમ, સંપૂર્ણ (૪)
૧૫. મહેફીલ જમાવવીને, ... કરવી (૪)
૧૬. જ્ઞાતિ, જાતિ (૨)
૧૭. શહીદ થવું,... આપવું (૪)
૨૧. શૂન્ય (૨)
૨૩. ઝેર (૨)

### શબ્દાવલી ૫૦૭૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) દમન (૩) સુર (૬) માન (૭) ચરમસીમા (૮) ભયભીત (૧૧) આબાદ (૧૩) અનસન (૧૬) હરણ કરવું (૧૭) શાસન (૧૯) નશો (૨૦) નખ (૨૧) ઓમ (૨૨) ખાવું

**ઊભી ચાવી :-** (૧) દમામ (૨) મન (૩) સુરભી (૪) રમત (૫) તમામ (૭) ચયન (૯) તોબા (૧૦) અસર (૧૧) આલીશાન (૧૨) દહન (૧૩) અણનમ (૧૪) નકશો (૧૫) નવુસવું (૧૮) સખ

ટચૂકડી જાહેર ખબર

**વેચવાના છે**
**પ્લોટ તથા ફ્લેટ**
સે.૨૮માં ઘ-૬ કોર્નર, ૨૦૦ મીટરનો પ્લોટ તથા સે.૪ડીમાં ફ્લેટો
ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧

**ફ્લેટ વેચવાનો છે**
1BHK, રોડ ટચ, ૨૧ના શોપીંગ સેન્ટરની સામે, સેક્ટર-૨૦
૮૪૮૮૯૩૫૯૯૪

**ઓફીસ ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી કોમ્પલેક્ષમાં ટાવર-૧, ૯૦૦ ચો.ફૂટ, ગાંધીનગરમાં
સંપર્ક
૯૯૦૯૯ ૫૮૩૫૫